॥ ૐ ॥

શ્રી રાજ સૌભાગ સ્મારક ગ્રંથમાળા

પુષ્પ ૫ મું

# પ્રાર્થના પિયુષ

સંયોજક : મુમુક્ષુ ભાઈ-બહેનો

SHREE
Raj Saubhag

## શ્રી રાજ સૌભાગ સત્સંગ મંડળ

સૌભાગ પરા, સાયલા - ૩૬૩૪૩૦

# પ્રસ્તાવના

**" સદ્‌ગુરુના ઉપદેશ વણ સમજાય ન જિનરૂપ,**
**સમજયા વણ ઉપકારશો? સમજયે જિનસ્વરૂપ "**

મુમુક્ષુ મંડળના ઘણા ઘણા પુણ્યયોગે એમને ઉપરોકત કડીના શબ્દોને ચરિતાર્થ કરવા જોગ પ્રાપ્ત થયો છે. એ જોગનું શું મૂલ્ય છે એ તો અધિકારી આત્મા જ સમજી શકે. અધિકારી થવા માટે તથા આત્મકલ્યાણમાં ઉપકાર અર્થે ગ્રંથમાળા તૈયાર કરવાનો મંગળ પ્રારંભ કરેલ છે. તેમાં ચાર પુષ્પોનું પ્રગટીકરણ થયેલ છે. એમાં આજે આ પાંચમું પુષ્પ પ્રગટ થઈ રહ્યું છે. આ પુષ્પ આત્માને અધિકારી થવા માટે જરૂરી ભાથું પુરું પાડે તેમ છે. જેનું નિત્ય સેવન કરવામાં આવે તો આત્મલક્ષી જીવોને માટે ઉપકારી પદોનો આ સંગ્રહ છે.

આ પુષ્પ તૈયાર કરવામાં નાણાંકીય સહાય આપનાર મુમુક્ષુ ભાઈઓ-બહેનોનો આભાર માનવામાં આવે છે.

માત્ર એટલી અપેક્ષા કે આ પુષ્પના નિદિધ્યાસનથી અધિકારી જીવો અધિકારને પાત્ર થાય.

છદ્મસ્થપણાને કારણે પુષ્પના મુદ્રણમાં કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો સુધારીને અધ્યયન કરવા વિનંતિ છે.

**સાયલા**
સં. ૨૦૪૪, ફાગણ સુદ-૨
તા. ૧૯-૨-૮૮

**પ્રકાશન સમિતિ**
**શ્રી રાજ-સૌભાગ**
**સત્સંગ મંડળ**

# સાતમી આવૃત્તિ વિષે

આપણે સૌ આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવા માટે સાધના કરી રહ્યા છીએ. તે સાધનામાં સદ્‌ગુરુ દ્વારા આપણને નિત્ય આજ્ઞાભકિત કરવાની આજ્ઞા મળેલી છે. તે આજ્ઞાભકિતના રહસ્યને જ્ઞાનીના પરમ સત્સંગથી પામીને જો તે સાધનની પરમ પ્રેમે આરાધના કરીએ તો આપણી પ્રર્થના પિયુષ થઈને પરિણમે એમાં સંશય નથી.

તેમાં પરમાત્માના ગુણો, નવ તત્વ, છ પદ, પોતાના દોષો વગેરેનું વર્ણન છે. તેમજ અત્યાર સુધી ધર્મ કરતા આવ્યા છતાં અંતરની શાંતિ કે સુખની ઝાંખી પણ થઈ નથી, તેનું શું કારણ? તે પણ આમાં બતાવેલ છે. નિત્ય આજ્ઞાભકિત કરાવવા પાછળનું બીજું પણ એક ધ્યેય છે કે જેને પાત્રતા પામવી છે તથા વૈરાગ્ય-ઉપશમદશા પ્રગટાવવી છે તેને માટે આ ભકિત એ એક સર્વોપરી સાધન છે. વૈરાગ્યદશાથી વિચારદશા પ્રગટે છે, જે માર્ગમાં આગળ વધવા માટે વિવેક પ્રગટાવવાનું સાધન છે. પ.કૃ.દેવ કહે છે, "સ્થિતપ્રજ્ઞદશા વિચારદશા લગભગ પૂરી થયે અથવા સંપૂર્ણ થયે પ્રગટે છે."

આ પદોનો ભાવાર્થ સમજવામાં પૂ.બાપુજી-ગુરુદેવની કૃપા જ કારણભૂટ છે. તેમની કૃપા વગર આ પદોના ભાવાર્થ યર્થાથપણે સમજવા મુશ્કેલ છે. તેઓની કૃપાના સહારે આજ્ઞાભકિતના ગદ્ય-પદ્યના ભાવ સમજવા પ્રયત્ન કરીએ. આત્મસિદ્ધિમાં પણ પ.કૃ.દેવ કહે છે કે :-

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જયાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ. ૩૯

આવે જયાં એવી દશા, સદ્‌ગુરુ બોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રઘટે સુખદાય. ૪૦

જયાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૦

આ કડીઓમાં યાગ્યતા-પાત્રતા તથા સુવિચારણાનું શું મહત્ત્વ છે, તે સમજાવ્યું છે. જેમ સુવિચારણા પ્રઘટાવવા માટે આત્મસિદ્ધિશાસ્ત્ર ખૂબ જ ઉપયોગી છે. તેવી જ રીતે પાત્રતા અને વૈરાગ્યદશા પ્રગટાવવા માટે આજ્ઞાભકિતનું વાંચન, મનન, ચિંતન, અનુપ્રેક્ષા પણ ઉપયોગી છે. જયાં સુધી સાધક મુમુક્ષુ સત્પુરુષની અનન્ય ભકિત કરતો નથી, ત્યાં સુધી તે મોક્ષમાર્ગમાં આગળ વધી શકતો નથી તેમજ વિક્ષેપની નિવૃત્તિ કરી શકતો નથી.

રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો.

આ કડીમાં પણ કૃપાળુદેવનો કહેવાનો આશય છે કે, આત્માને પરિભ્રમણમાંથી છોડાવવા માટે એને ત્વરાથી ઓળખો, તેમજ જગતમાં રહેલા બધા જ આત્માઓ મારા જેવા છે, મારા સમાન જ છે. આ વચનને હૃદયમાં સ્થિર કરો.

પ્રાર્થના પિયુષમાં સમાવિષ્ટ ભકિતપદોના વિવેચનયુકત અર્થ આરાધના શિબિર-૧૪ના પ્રકાશનમાં આવરી લેવાયેલ છે.

તો આવો, આપણે પ્રાર્થનાને પિયુષ રૂપે પરિણામવવા પ્રબળ પુરુષાર્થ આરંભીએ.

**“સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.”**

સં. ૨૦૬૩, કાર્તિકી પૂર્ણિમા
તા. ૦૫-૧૧-૨૦૦૬
(પ. કૃ. દેવનો જન્મ દિવસ)

પ્રકાશન સમિતિ
**શ્રી રાજ-સૌભાગ સત્સંગ મંડળ**
સાયલા

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મંગલાચરણ ............................ | ૬ |
| ૨ | જિનેશ્વરની વાણી ....................... | ૭ |
| ૩ | પ્રાતઃકાળની ભાવનાનાં પદો ........... | ૭ |
| ૪ | ત્રણ માળા .............................. | ૮ |
| ૫ | આત્મજાગૃતિનાં પદો .................. | ૮ |
| ૬ | જડ ને ચૈતન્ય ......................... | ૯ |
| ૭ | શ્રી સદ્‌ગુરુભકિત રહસ્ય (વીસ દોહરા). | ૯ |
| ૮ | કૈવલ્યબીજ શું ? (યમ નિયમ) ....... | ૧૧ |
| ૯ | ક્ષમાપના .............................. | ૧૨ |
| ૧૦ | છ પદનો પત્ર .......................... | ૧૩ |
| ૧૧ | વીતરાગનો કહેલો માર્ગ ............... | ૧૭ |
| ૧૨ | પ્રાતઃકાળની સ્તુતિ .................... | ૧૮ |
| ૧૩ | વંદન તથા પ્રણિપાતસ્તુતિ ............. | ૨૧ |
| ૧૪ | ચૈત્યવંદન સૂત્રો ........................ | ૨૨ |
| ૧૫ | સાંકાળની સ્તુતિ અને દેવવંદન ........ | ૨૮ |
| ૧૬ | શ્રી આત્મસિધ્ધિશાસ્ત્રની સ્તુતિ ........ | ૩૨ |
| ૧૭ | શ્રી આત્મસિધ્ધિશા૯સ્ત્ર ................ | ૩૨ |
| ૧૮ | મોહની નીંદમાં ......................... | ૪૮ |
| ૧૯ | શ્રી કૃપાળુ દેવ રચિત પદો ............. | ૪૯ |
| ૨૦ | ચિંતનકણિકાઓ ........................ | ૬૭ |


શ્રીમદ્ સદ્‌ગુરવે નમોનમઃ

## શ્રીમદ્ સદ્ગુરવે નમોનમઃ

પ્રાતઃકાળની ભકિત

### ૧. મંગલાચરણ

અહો શ્રી સત્પુરૂષકે વચનામૃતમ્ જગહિતકરમ્,
મુદ્રા અરુ સત્સમાગમ સુટિ ચેતના જાગૃતકરમ્; ૧

ગિરતી વૃત્તિ સ્થિર રખે દર્શન માત્રસે નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક, સકલ સદ્ગુણ કોષ હૈ; ૨

સ્વસ્વરૂપકી પ્રતીતિ અપ્રમત્ત સંયમ ધારણમ્,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણમ્; ૩

અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈ; ૪

સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,
સત્ દેવ ધર્મ સ્વરૂપદર્શક સુગુરુ પારાવાર હૈ; ૫

ગુરુભકિતસેં લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જ્યવંત વર્તો શ્રી ગુરુ રાજને નમસ્કાર હૈ; ૬

એમ પ્રણમી શ્રીગુરુરાજકે પદ આપ-પરહિતકારણમ્,
જ્યવંત શ્રી જિનરાજ-વાણી કરું તાસ ઉચ્ચારણમ્; ૭

ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે,
શ્રી રત્નત્રયની ઐકયતા લહી સહી સૌ નિજપદ લહે. ૮

-*-*-

## ૨. જિનેશ્વરની વાણી

(મનહર છંદ)

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયક્ષેપે વ્યાખ્યાની છે;
સકલ જગત હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે. ૧

ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મટિ મપાઇ મેં માની છે;
અહો ! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિંશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.
(ગુરુરાજ તણી વાણી જાણી તેણે જાણી છે.) ૨

-*-*-

## ૩. પ્રાતઃકાળની ભાવનાનાં પદો

તીન ભુવન ચૂડા રતન, સમ શ્રી જિનકે પાય,
નમત પાઇએ આપ પદ, સબ વિધિ બંધ નશાય; ૧

આસ્ત્રવ ભાવ અભાવતેં, ભયે સ્વભાવ સ્વરૂપ,
નમો સહજ આનંદમય, અચલિત અમલ અનૂપ; ૨

કરી અભાવ ભવભાવ સબ, સહજ ભાવ નિજ પાય,
જય અપુનર્ભવ ભાવમય, ભયે પરમ શિવરાય; ૩

કર્મ શાંતિ કે અર્થી જિન, નમો શાંતિ કરતાર,
પ્રશમિત દુરિત સમૂહ સબ, મહાવીર જિન સાર; ૪

જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર,
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર. ૫

-*-*-

## ૪. ત્રણ માળા

(દરેક પદની એક માળા)

(૧) સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ.

(૨) આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.

(૩) પરમ ગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞ દેવ.

-*-*-

## ૫. આત્મ જાગૃતિનાં પદો

અબુદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અસંયુકત,
જલ-કમળ, મૃત્તિકા, સમુદ્ર, સુવર્ણ, ઉદક ઉષ્ણ.
ઉષ્ણ ઉદક જેવો રે આ સંસાર છે,
તેમાં એક તત્ત્વ મોટું રે સમજણ સાર છે.

-----

શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે,
શુદ્ધતામેં સ્થિર વ્હૈ અમૃતધારા બરસૈ.

-----

એનું સ્વપ્ને જો દર્શન પામે રે,
તેનું મન ન ચઢે બીજે ભામે રે;
થાય સદ્‌ગુરુનો લેશ પ્રસંગ રે,
તેને ન ગમે સંસારીનો સંગ રે.

-----

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,
મારું જીવ્યું સફળ તવ લેખું રે;
મુકતાનંદનો નાથ વિહારી રે,
સંતો જીવનદોરી અમારી રે.

-*-*-

## ૬. જડ ને ચૈતન્ય

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે. ૧

દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઇ જાય છે;
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે. ૨

-*-

મહત્તત્ત્વ મહનીયમહઃ મહા ધામ ગુણધામ,
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ.

-*-*-

## ૭. શ્રી સદ્‌ગુરુ ભક્તિરહસ્ય

(દોહરા)

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દિનાનાથ દયાળ,
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ; ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ,
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી,
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં; ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ,
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ; ૪

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક,
ચરણ શરણ ધીરજ નથી, મરણ શુધીની છેક; ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ; ૬

અચળરૂપ આસકિત નહિ, નહીં વિરહનો તાપ,
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ; ૭

ભકિતમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન,
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન; ૮

કાલદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ,
તોયે નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ; ૯

સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ,
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ; ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં,
નહિ ઉદાસ અનભકતથી, તેમ ગૃહાદિક માંહી; ૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મસંચય નાહીં,
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઇ; ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય,
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩

કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ,
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ; ૧૪

અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂકયું નહિ અભિમાન; ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક,
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક; ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઇ ઉપાય,
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્‌ગુરુ પાય,
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય,
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ,
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦

-*-*-

## ૮. કૈવલ્યબીજ શું ?

(તોટક છંદ)

યમનિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો,
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો; ૧

મનપૌન-નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો,
જપ ભેદ જપે તપ ત્યોંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં; ૨

સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે,
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો; ૩

અબ ક્યોં ન બિચારત હૈં મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે ? ૪

કરુના હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી,
પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં; ૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં,
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો; ૬

વહ સત્ય સુધા દરસાવહિંગે, સતુરાંગુલ હે દ્રગસે મિલહે,
રસ દેવ નિરંજન કો પિવહી, ગહિ જોગ જુગોજુગ સો જીવહી; ૭

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં,
વહ કેવલકો બીજગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઇ દિયે. ૮

-*-*-

## ૯. ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો. મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારા કહેલા દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહીં.

હે ભગવાન ! હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડયો છું. હું પાપી છું, હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું. અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં

વિવેક શકિત નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઇ હું તે સર્વ પાપથી મુકત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમેનીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોકયપ્રકાશક છો, હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થા, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઇ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

-*-*-

## ૧૦. છ પદનો પત્ર

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભકિતથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યક્‌દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

**પ્રથમ પદ :** 'આત્મા છે.' જેમ ઘટપટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને

વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

**બીજું પદ :** ' આત્મા નિત્ય છે.' ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટ આડિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઇ પણ સંયોગો અનુભવ યોગ્ય થતા નથી, કોઇ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઇને વિષે લય પણ હોય નહીં.

**ત્રીજું પદ :** 'આત્મા કર્તા છે.' સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે, કંઈ ને કંઈ પત્ણિામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. એ કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્ય કર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

**ચોથું પદ :** 'આત્મા ભોકતા છે.' જે જે કંઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોકતા છે.

**પાંચમુ પદ :** 'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોકતાપણું નિરૂપણ કર્યું; તે કર્મનું ટળવાપણું પણ છે; કેમ કે પ્રત્યેક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

**છટ્ઠું પદ :** તે 'મોક્ષનો ઉપાય છે. ' જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભકિત આદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે; ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યક્‌દર્શનનાં મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુકિતગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઇ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહ રહિત છે, એમ પરમ પુરુષે નિરુપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ, તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થઇ સ્વસ્વભાવરૂપ મોક્ષને

પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતર રહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવ પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐકયતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પસ્ટ - પ્રત્યક્ષ, અત્યંત પ્રત્યક્ષ-અપરોક્ષ તેને અનુભવ થાય છે, વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઈષ્ટ-અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધા રહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવા પરમ પુરુષના વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે. આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે, અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભકિતથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે, એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેના વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઇ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અસકિત છે, કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્માભાવ તે જાણે કંઈ પણ ઈચ્છયા વિના માત્ર નિષ્કારણ કરુણાસીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને

વિષે આ મારો શિષ્ય છે, અથવા ભકિતનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભકિતએ ફરી ફરી નમસ્કાર હો.

જે સત્પુરુષોએ સદ્‌ગુરુની ભકિત નિરુપણ કરી છે, તે ભકિત માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભકિતને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભકિતનું નિરુપણ કર્યું છે, તે ભકિતને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઇ નથી પણ જેના વચનના વિચારયોગે શકિતપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઈચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેનાં યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભકિતએ નમસ્કાર હો ! નમસ્કાર હો !

-*-*-

## ૧૧. વીતરાગનો કહેલો માર્ગ

ૐ

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગ વિના સમજાતું નથી; તો પણ તેના જેવું જીવને સંસાર રોગ મટાડવાને બીજું કોઈ પૂર્ણ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ

મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ !!

હે જીવ ! આ કલેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા !! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્ય દેહ નિષ્ફળ જશે.

હે જીવ ! હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

----

હે કામ ! હે માન ! હે સંગઉદય !
હે વચનવર્ગણા ! હે મોહ ! હે મોહદયા !
હે શિથિલતા ! તમે શા માટે અંતરાય કરો છો ?
પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ ! અનુકૂળ થાઓ !

-*-*-

## ૧૨. પ્રાતઃકાળની સ્તુતિ

મહાદેવ્યા કુક્ષિરત્નં, શબ્દજીતવરાત્મજમ્;
રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્. ૧

જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ શુદ્ધ ચૈતન્યસ્વામી. ૨

ૐકારં બિંદુ સંયુકતં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ,
કામંદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમઃ ૩

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન,
નમો તાહિ જાતે ભયે, અરિહંતાદિ મહાન; ૪

વિશ્વભાવ વ્યાપી તદપિ, એક વિમલ ચિદ્રૂપ,
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ; ૫

મહત્તાત્ત્વ મહનીય મહઃ મહા ધામ ગુણધામ,
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ; ૬

તીન ભુવન ચુડા રતન, સમ શ્રી જિનકે પાય,
નમત પાઇએ આપ પદ, સબ વિધિ બંધ નશાય; ૭

નમું ભકિતભાવે, ૠષભ જિન શાંતિ અઘ હરો,
તથા નેમિ પાર્શ્વ, પ્રભુ મમ સદા મંગલ કરો;
મહાવીરસ્વામી, ભુવનપતિ કાપો કુમતિને,
જિના શેષા જે તે સકલ મુજ આપો સુમતિને. ૮

અર્હંતો ભગવંત ઈન્દ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતાઃ
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રીસિદ્ધાન્તસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ
પંચૈ તે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વંતુ વો મંગલમ્. ૯

ભકતામર પ્રણતમૌલિમણિ પ્રભાણા-
મુદ્યોતકં દલિતપાપ તમોવિતાનમ્.
સમ્યક્પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા-
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્. ૧૦

યઃ સંસ્તુતઃ સકલ વાઙ્મયતત્ત્વબોધા-
દુદ્ભૂતબુદ્ધિ પટુભિઃ સુરલોકનાથૈઃ
સ્ત્રોત્રૈર્જગત્રિતય ચિત્તહરૈરુદારૈઃ
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિજેન્દ્રમ્. ૧૧

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્;
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્.
દશનાદ્ દુરિતધ્વંસી, વંદનાદ્ વાંચ્છિતપ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમ. ૧૨

પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવ નિધિ;
પ્રભુદર્શનસેં પામીએ, સકલ મનોરથ-સિદ્ધિ. ૧૩

જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;
રાજ નમે, પ્રજા નમે, આણ ન લોપે કોઈ. ૧૪

કુંભે બાંધ્યું જળ રહે, જળ વિણ કુંભ ન હોય;
જ્ઞાને બાંધ્યું મન રહે, ગુરુ વિણ જ્ઞાન ન હોય. ૧૫

ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર;
જે ગુરુવાણી વેગળા, રડવડીઆ સંસાર. ૧૬

તનકર મનકર, વચનકર, દેત ન કાહુ દુઃખ;
કર્મ રોગ પાતિક ઝરે, નિરખત સદ્‌ગુરુ મુખ. ૧૭

દરખતસેં ફળ ગિર પડયા, બૂઝી ન મનકી પ્યાસ;
ગુરુ મેલી ગોવિંદ ભજે, મિટે ન ગર્ભાવાસ. ૧૮

ભાવે જિવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળ જ્ઞાન, ૧૯

ત્વં માતા ત્વં પિતા ચૈવ, ત્વં ગુરુસ્ત્વં બાંધવ;
ત્વમેકઃ શરણં સ્વામિન્ જીવિતં જીવિતેશ્વરઃ ૨૦

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ ભ્રાતા ચ સખા ત્વમેવ;
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ. ૨૧

યત્સ્વર્ગાવતરોત્સવે યદભવજ્જન્માભિષેકોત્સવે;
યદ્દીક્ષા ગ્રહણોત્સવે યદખિલજ્ઞાનપ્રકાશોત્સવે;
યન્નિર્વાણગમોત્સવે જિનપતેઃ પૂજાદ્ભુતં તદ્ભવૈઃ;
સંગીતસ્તુતિમંગલૈઃ પ્રસરતાં મે સુપ્રભાતોત્સવઃ ૨૨

-*-*-

## ૧૩. વંદન તથા પ્રણિપાતસ્તુતિ

અહો ! અહો ! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, એને સદા પ્રણામ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

-*-

"હે પરમ-કૃપાળુ દેવ ! જન્મ જરા મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદ્ અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું. વળી આપ શ્રીમદ્ કંઈ પણ લેવાને સર્વથા નિઃસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું.

આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ.''

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

-*-*-*-

## ૧૪. ચૈત્યવંદન વિધિ

### શ્રી પ્રણિપાત અર્થાત્ ખમાસમણ

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ ॥

(આ પ્રમાણે બોલી ત્રણ ખમાસમણા દઈ, બેસી ડાબો ઢીંચણ ઊભો રાખી જમણો ઢીંચણ નીચે રાખી બેસવું અને નીચે પ્રમાણે કહેવું - ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છમ્.)

(૧)

સકલકુશલવલ્લી પુષ્કરાવર્તમેઘો,
દુરિતીતમિરભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ
ભવજલનિધિપોતઃ સર્વ સંપત્તિહેતુઃ
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ
શ્રેયસે પાર્શ્વનાથઃ

(૨)

તુજ મૂર્તિને નીરખવા, મુજ નયના તરસે,
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરસે.

કાયા અતિ આનંદ મુજ, તુજ યુગપદ ફરસે,
તો સેવક તાર્યા વિના, કહો પ્રભુ કેમ સરસે.
એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહે જોય,
જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તેહશું જે નવિ હોય.

**જંકિંચિ**

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ. ૧

નમુત્થુણં વા શક્રસ્તવ

નમત્થુણં અરિહંતાણં ભગવંતાણં; (૧) આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુધ્ધાણં; (૨) પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિયાણં પુરિસવરગંધહત્થીણં; (૩) લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં, (૪) અભયદયાણં, સક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, (૫) ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્સારહીણં, ધમ્મવરચાઉરંત ચક્કવટ્ટીણં, (૬) અપ્પડિહયવરનાણદંસણધરાણં વિયટ્ટછઉમાણં; (૭) જિણાણં જાવયાણં; તિન્નાણં તારયાણં, બુધ્ધાણં બોહયાણં, મુત્તાણં; મોઅગાણં; (૮) સવ્વન્નૂણં સવ્વદરિસીણં, સિવમયલમરુ અમણંત મખ્ખય મવ્વાબાહ મપુણરાવિત્ત સિધ્ધિગઈનામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં, જિઅભયાણં; (૯) જે અ અઈઆ સિધ્ધા, જે અ ભવિસંતિણાગએ કાલે; સંપઈઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ, (૧૦)

-*-*-

**જાવંતિ ચેઈઆઈ**

જાવંતિ ચેઈઆઈ, ઉઢ્ઢે અ અહે અ તિરિયલોએ અ;
સવ્વાઈ તાઈ વંદે, ઈત સંતો તત્થ સંતાઈ. ૧

-*-*-

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજજાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ ॥

-*-*-

## જાવંત કે વિ સાહૂ

જાવંત વિ સાહૂ , ભરહેરવય મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં. ૧

-*-*-

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ ૧

-*-*-

## ઉવસગ્ગહરં સ્તવન

ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;
વિસહર વિસનિન્નાસં, મંગલકલ્લાણઆવાસં. ૧

વિસહર ફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;
તસ્સ ગહરોગમારિ, દુઠ્ઠ જરા જંતિ ઉવસામં. ૨

ચિઠ્ઠઉ દૂરે મંતો, તુજ પણામોવિ બહુફલો હોઈ;
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુઃખદોગચ્ચં. ૩

તુહ સમ્મત્તે લધ્ધે, ચિંતામણી કપ્પપાય વબ્ભહિએ;
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં. ૪

ઈઅ સંથુઓ મહાયસ, ભત્તિબ્ભરનિબ્ભરેણ હિઅએણ;
તા દેવ દિજજે બોહિં, ભવે ભવે પાસજિણચંદ. ૫

-*-*-

## લઘુશાંતિ (શાંતિનાથ પ્રભુનું) સૂત્ર

શાંતિ શાંતિ નિશાંતં શાંતં શાંતાશિવં નમસ્કૃત્ય
સ્તોતુઃ શાંતિ-નિમિત્તં મંત્રપદૈઃ શાંતયે સ્તોમિ ૧

ઓમિતિ નિશ્ચિત વચસે નમો નમો ભગવતેર્હતે પૂજામ્
શાંતિજિનાય જયવતે યશસ્વિને સ્વામિને દમિનામ ૨

સકલાતિશેષકમહા-સંપત્તિ-સમન્વિતાય શસ્યાય
ત્રૈલોકય-પૂજિતાય ચ નમો નમઃ શાંતિદેવાય ૩

સર્વામર સુસમૂહ-સ્વામિક સંપૂજિતાય ન જિતાય
ભુવનજન પાલનોદ્યત-તમાય સતતં નમસ્તસ્મૈ ૪

સર્વ-દુરિતૌ-ઘનાશન-કરાય સર્વાશિવ-પ્રશમનાય
દુષ્ટગ્રહ ભૂતપિશાચ-શાકિનીનાં પ્રમથનાય ૫

યસ્યેતિ નામમંત્ર-પ્રધાનવાકયો-પયોગ-કૃત-તોષા
વિજયા કુરુતે જનહિત-મિતિ ચ નુતા નમત તં શાંતિ ૬

ભવતુ નમસ્તે ભગવતિ વિજયે સુજયે પરાપરૈરજિતે
અપરાજિતે જગત્યાં જયતીતિ જયાવહે ભવતિ ૭

સર્વસ્યાપિ ચ સંઘસ્ય ભદ્ર-કલ્યાણ-મંગલ-પ્રદદે
સાધૂનાં ચ સદાશિવ-સુતુષ્ટિ-પુષ્ટિપ્રદે જીયા ૮

ભવ્યાનાં કૃત-સિદ્ધે નિર્વૃતિ-નિર્વાણ-જનનિ સત્વાનાં
અભય-પ્રદાન-નિરતે નમોઽસ્તુ સ્વસ્તિપ્રદે તુભ્યં ૯

ભકતાનાં જંતૂનાં શુભાવહે નિત્યમુદ્યતે દેવિ
સમ્યગ્ દ્દષ્ટિનાં ધૃતિ-રતિ મતિ બુધ્ધિ પ્રદાનાય ૧૦

જિનશાસન નિરતાનાં શાંતિ-નતાનાં ચ જગતિ જનતાનાં
શ્રીસંપત્કીર્તિ-યશો-વર્દ્ધનિ જય દેવિ વિજયસ્વ ૧૧

સલિલાનલ વિષ વિષધર-દુષ્ટગ્રહ રાજ રોગ રણ ભયતઃ
રાક્ષસ રિપુ ગણ મારી-ચૌરેતિ શ્વાપદાદિભ્યઃ ૧૨

અથ રંક્ષ રક્ષ સુશિવં કુરુ કુરુ શાંતિ ચ કુરુ કુરુ સદેતિ
તુષ્ટિં કુરુ કુરુ પુષ્ટિં કુરુ કુરુ સ્વસ્તિં ચ કુરુ કુરુ ત્વમ્ ૧૩

ભગવતિ ગુણવતિ શિવશાંતિ-તુષ્ટિ પુષ્ટિ સ્વસ્તીહ કુરુ કુરુ જનાનામ્
ઓમિતિ નમો નમો હ્રાઁ હ્રીઁ હ્રૂઁઃ હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ ફુટ્ ફુટ્ સ્વાહા ૧૪

અવં યન્નામાક્ષર-પુરસ્સરં સંસ્તુતા જયાદેવી
કુરુતે શાંતિ નમતાં નમો નમઃ શાંતયે તસ્મૈ ૧૫

ઈતિ પૂર્વસૂરિદર્શિત-મંત્રપદવિદર્ભિતઃ સ્તવઃ શાંતેઃ
સલિલાદિભયવિનાશી શાંત્યાદિ-કરશ્ચ ભક્તિમતામ્ ૧૬

યશ્ચૈનં પઠતિ સદા શ્રૃણોતિ ભાવયતિ વા યથા-યોગં
સ હિ શાંતિપદં યાયાત્ સૂરિઃ શ્રીમાનદેવશ્ચ ૧૭

ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ છિદ્યંતે વિધ્નવલ્લયઃ
મનઃ પ્રસન્નતામેતિ પૂજયમાને જિનેશ્વરે ૧૮

સર્વ-મંગલ-માંગલ્યં સર્વ-કલ્યાણ-કારણમ્
પ્રધાનં સર્વ-ધર્માણાં જૈનં જયતિ શાસનમ્ ૧૯

## જયવીયરાય

(બે હાથ લલાટે રાખીને)

જય વીયરાય જગગુરુ, હોઉં મમં તુહ પભાવઓ ભયવં;
ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ ઈઢ્ઢફલસિદ્ધિ ૧

લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ;
સહગુરુજોગો તવ્વયણસેવણા આભવમખંડા ૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈ વિ નિયાણબંધણં વીયરાય તુહ સમએ
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ૩

દુખ્ખખ્ખઓ, કમ્મખ્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો આ;
સંપજજઉં મહ એઅં તુહ નાહ પણામ કરણેણં ૪

સર્વ મંગલ માંગલ્યં, સર્વકલ્યાણકારણં;
પ્રધાનં સર્વ ધર્માણાં, જેનં જયતિ શાસનં ૫

-*-*-

## અરિહંત ચેઈયાણં

(ઉભા થઈને)

અરિહંતચેઈયાણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧

વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ,
સક્કારવત્તિયાએ; સમ્માણવત્તિયાએ ૨

બોહિલાભવત્તિયાએ; નિરુવસગ્ગવત્તિયાએ;
સદ્ધાએ, મેહાએ, ધીઈએ, ધારણાએ,
અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ૩

## અન્નત્થ

અન્નત્થ ઉસસિએણં નીસસિએણં ખાસિએણં, છીએણં જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં ભમલિએ પિત્તમુચ્છાએ; (૧) સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, (૨) એવમાઈએહિં, આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજજ મે કાઉસ્સગ્ગોઃ (૩) જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ (૪) તાવ કાયં, ઠાણેણં મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ. (૫)

(એક નવકારમંત્રનો કાઉસ્સગ્ગ કરવો. અને થોય સાંભળવી)

## શ્રી નવકારમંત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિઆણં
નમો ઉવજઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો સવ્વપાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઈ મંગલં
(કાઉસ્સગ્ગ પારીને થોય કહેવી)

## થોય

મનહર મૂર્તિ અરિહંત તણી, મુજ આશ ફળી તુજ દર્શનની;
કરું વંદના હૈયે ભાવ ધરી, ભવસાગર તરણી તું જ તરી.
(પછી ખમાસમણ દેવું)

-*-*-*-

## સાંયકાળની સ્તુતિ તથા દેવવંદન

મહાદેવ્યાઃ કુક્ષિરત્નં શબ્દજીતરવાત્મજમ્;
રાજચંદ્રમહં વંદે તત્ત્વલોચનદાયકમ્. ૧

જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ, પરમ ગુરુ શુદ્ધ ચૈતન્યસ્વામી. ૨

ૐકારં બિંદુ સંયુકતં, નિત્યં ધ્યાયંતિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમઃ ૩

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન;
નમો તાહી જાતે ભયે, અરિહંતાદિ મહાન. ૪

વિશ્વભાવ વ્યાપિ તદપિ, એક વિમલ ચિદ્રૂપ;
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ. ૫

મહત્તત્વ મહનીયમહઃ મહા ધામ ગુણધામ;
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ. ૬

તીન ભુવન ચૂડા રતન, સમ શ્રી જિનકે પાય;
નમત પાઈએ આપ પદ, સબ વિધિ બંધ નશાય. ૭

દર્શનં દેવદેવસ્ય દર્શનં પાપનાશનમ્;
દર્શનં સ્વર્ગસોપાનં દર્શનં મોક્ષસાધનમ્.
દર્શનાદ્ દુરિતધ્વંસી વંદનાદ્ વાંછિતપ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ૮

પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવ નિધિ;
પ્રભુ દર્શનસેં પામીએ, સકલ મનોરથ સિદ્ધિ. ૯

ભ્રહ્માનંદં પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્,
દ્વન્દ્વાતીતં ગગનસદશં તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્;
એકં નિત્યં વિમલમચલં, સર્વદા સાક્ષીભૂતમ્,
ભાવાતીતં ત્રિગુણરહિતં, સદ્‌ગુરું તં નમામિ. ૧૦

આનન્દમાનન્દકરં પ્રસન્નં, જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્;
યોગીન્દ્રમીડયં ભવરોગવૈદ્યં, શ્રીમદ્ ગુરું નિત્યમહં નમામિ. ૧૧

શ્રીમદ્ પરબ્રહ્મગુરું વંદામિ, શ્રીમદ્ પરબ્રહ્મગુરું નમામિ,
શ્રીમદ્ પરબ્રહ્મગુરું ભજામિ, શ્રીમદ્ પરબ્રહ્મગુરું સ્મરામિ. ૧૨

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુદેવો મહેશ્વરઃ;
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૧૩

ધ્યાનમૂલં ગુરુમૂર્તિઃ, પૂજામૂલં ગુરુપદમ્;
મંત્રમૂલં ગુરુવાકયં, મોક્ષમૂલં ગુરુકૃપા. ૧૪

અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્;
તત્પદં દર્શિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૧૫

અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાંજનશલાકયા;
ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૧૬

ધ્યાનધૂપં મનઃપુષ્પં, પંચેન્દ્રિય હુતાશનમ્;
ક્ષમાજાપ સંતોષપૂજા, પૂજ્યો દેવો નિરંજનઃ ૧૭

દેવેષુ દેવોઽસ્તુ નિરંજનો મે, ગુરુર્ગુરુષ્વસ્તુ દમી શમી મે;
ધર્મેષુ ધર્મોઽસ્તુ દયાપરો મે, ત્રીણ્યેવ તત્ત્વાનિ ભવે ભવે મે. ૧૮

પરાત્પરગુરવે નમઃ પરંપરાચાર્ય ગુરવે નમઃ
પરમગુરવે નમઃ સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્‌ગુરવે નમો નમઃ ૧૯

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૨૦

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સો હીન,
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૨૧

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીનઃ
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૨૨

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૨૩

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૨૪

નમસ્કાર

જય જય ગુરુદેવ ! સહજાત્મસ્વરૂપ, પરમ ગુરુ, શુદ્ધ
ચૈતન્યસ્વામી અંતરજામી ભગવાન,

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ. ૨૫

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૨૬

નમસ્કાર

જય જય ગુરુદેવ !..... મત્થએણ વંદામિ,

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૨૭

નમસ્કાર

જય જય ગુરુદેવ !..... મત્થએણ વંદામિ,

નમોઽસ્તુ નમોઽસ્તુ નમોઽસ્તુ, શરણં, શરણં, શરણં, ત્રિકાલ શરણં, ભવોભવ શરણં, સદ્‌ગુરુ શરણં, સદા સર્વદા, ત્રિવિધ ત્રિવિધ ભાવવંદન હો, વિનય વંદન હો; સમયાત્મક વંદન હો, ૐ નમોઽસ્તુ જય ગુરુદેવ શાંતિ; પરમ તારુ, પરમ સજ્જન, પરમ હેતુ, પરમ દયાળ, પરમ મયાળ, પરમ કૃપાળ, વાણી સુરસાળ, અતિ સુકુમાળ, જીવદયા પ્રતિપાળ, કર્મશત્રુના કાળ, 'મા હણો મા હણો', શબ્દના કરનાર આપકે ચરણકમલ મેરે હૃદયકમળમેં અખંડપણે, સંસ્થાપિત રહે, સંસ્થાપિત રહે, સત્પુરુષોંકા સત્સ્વરૂપ, મેરે ચિત્તસ્મૃતિકે પટ પર ટંકોત્કીર્ણવત્ સદોદિત, જયવંત રહે જયવંત રહે. ૨૮

આનન્દમાનન્દકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્,
યોગીન્દ્રમીડયં ભવરોગવૈદ્યં શ્રીમદ્દ્ગુરું નિત્યમહં નમામિ. ૨૯

-*-*-*-

ૐ શ્રી સદ્દ્ગુરુદેવાય નમો નમઃ

## શ્રી આત્મસિધ્ધિ શાસ્ત્રની સ્તુતિ

(ઝુલણા છંદ)

પતિતજનપાવની, સુરસરિતા સમી,
અધમઉદ્ધારિણી, આત્મસિદ્ધિ,
જન્મજન્માંતરો, જાણતા જોગીએ,
આત્મઅનુભવ વડે, આજ દીધી,
ભકત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા,
ભવ્ય સૌભાગ્યની વિનતિથી,
ચારુતરભૂમિના, નગર નડિયાદમાં,
પૂર્ણ કૃપા પ્રભુએ કરી'તી.

ૐ

## શ્રી આત્મસિધ્ધિ શાસ્ત્ર

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્દ્ગુરુ ભગવંત; ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ,
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય; ૨

કોઇ ક્રિયા-જડ થઇ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઇ,
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઇ; ૩

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર ભેદ ન કાંઇ,
જ્ઞાનમાર્ગ નિષેધતા તેહ ક્રિયાજડ આંઇ; ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી,
વર્તે મોહાવેશમાં શુષ્કજ્ઞાની તે આંહી; ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન; ૬

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન; ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ; ૮

સેવે સદ્‌ગુરુચરણને ત્યાગી દઇ નિજપક્ષ,
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ; ૯

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ,
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય; ૧૦

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર; ૧૧

સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ,
સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ; ૧૨

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર,
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિં, ત્યાં આધાર સુપાત્ર; ૧૩

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ,
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ; ૧૪

રોકે જીવ સ્વછંદ તો, પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ; ૧૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વછંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય; ૧૬

સ્વછંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ; ૧૭

માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય,
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય; ૧૮

જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન,
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન; ૧૯

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ,
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઇ સુભાગ્ય; ૨૦

અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કોઇ,
મહામોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહિ; ૨૧

હોય મુમુક્ષુ જીવ તે સમજે એહ વિચાર,
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર; ૨૨

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ,
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ; ૨૩

-*-*-

( મતાર્થી લક્ષણો )

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય,
અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ; ૨૪

જે જિનદેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ,
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ; ૨૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ,
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજમાનાર્થે મુખ્ય; ૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન,
માને નિજ મત વેષનો, આગ્રહ મુકિતનિદાન; ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન; ૨૮

અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય; ૨૯

જ્ઞાનદશા પામે નહીં, સાધનદશા ન કાંઇ,
પામે તેનો સંગ જે, તે બૂડે ભવ માંહી; ૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ,
પામે નહિ પરમાર્થને, અન્-અધિકારીમાં જ; ૩૧

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય,
સરળપણું ન મધ્યસ્થતા, તે મતાર્થી દુર્ભાગ્ય; ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ,
હવે કહું આત્માર્થીના, આત્મ-અર્થ સુખસાજ; ૩૩

-*-*-

( આત્માર્થી-લક્ષણ )

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય,
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય; ૩૪

પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર; ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ,
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત; ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ,
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ; ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ; ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ,
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ; ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય,
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય; ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન,
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ; ૪૧

ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય,
ગુરુશિષ્ય સંવાદથી, ભાખું ષટ્‌પદ આંહિ; ૪૨

-*-*-

(ષટ્‌પદ નામકથન)

'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ',
'છે ભોક્તા', 'વળી મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'; ૪૩

ષટ્‌સ્થાનક સંક્ષેપમાં, ષટ્‌દર્શન પણ તેહ,
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ; ૪૪

## ૧. શંકા-શિષ્ય ઉવાચ

(આત્માના હોવાપણારૂપ પ્રથમ સ્થાનકની શિષ્ય શંકા કહે છે)

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ,
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ; ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઈન્દ્રિય પ્રાણ,
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ; ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ; ૪૭

માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય,
એ અંતર શંકાતણો, સમજાવો સદુપાય; ૪૮

## ૧. સમાધાન-સદ્ગુરુ ઉવાચ

(આત્મા છે, એમ સદ્ગુરુ સમાધાન કરે છે)

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન; ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન,
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન; ૫૦

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ,
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ; ૫૧

છે ઈન્દ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન,
પાંચ ઈન્દ્રીયના વિષયનું, પણ આત્માને ભાન; ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઈન્દ્રીય, પ્રાણ,
આત્માની સત્તાવડે, તેહ પ્રવર્તે જાણ; ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય,
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય; ૫૪

ઘટપટ આદિ જાણ તું, તેથી તેને માન,
જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન ? ૫૫

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થળ દેહ મતિ અલ્પ,
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ; ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ,
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ; ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ,
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ; ૫૮

-*-*-

## ૨. શંકા-શિષ્ય ઉવાચ

(આત્મા નિત્ય નથી, એમ શિષ્ય કહે છે.)

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર,
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર; ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહિ અવિનાશ,
દેહયોગથી ઊપજે, દેહવિયોગે નાશ; ૬૦

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય,
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય; ૬૧

-*-*-

## ૨. સમાધાન-સદ્દગુરુ ઉવાચ

(આત્મા નિત્ય છે, એમ સદ્દગુરુ સમાધાન કરે છે.)

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય,
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય ? ૬૨

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન,
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન; ૬૩

જે સંયોગો દેખીએ, તે તે અનુભવ દૃશ્ય,
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ; ૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય,
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય; ૬૫

કોઈ સંયોગોથી નહિ, જેની ઉત્પત્તિ થાય,
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય; ૬૬

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય,
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય; ૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,
બાળાદિ વય ત્રણ્યનું જ્ઞાન એકને થાય; ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર,
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર; ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ; ૭૦

-*-*-

## ૩. શંકા-શિષ્ય ઉવાચ

(આત્મા કર્મનો કર્તા નથી, એમ શિષ્ય કહે છે.)

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ,
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ; ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ,
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ; ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય,
કર્મતણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય; ૭૩

-*-*-

## ૩. સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ

(કર્મનું કર્તાપણું આત્માને જે પ્રકારે છે તે પ્રકારે સદ્‌ગુરુ સમાધાન કરે છે.)

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ; ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ,
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ; ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ; ૭૬

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ,
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ; ૭૭

ચેતન જો નિજભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ; ૭૮

-*-*-

## ૪. શંકા-શિષ્ય ઉવાચ

(તે કર્મનું ભોકતાપણું જીવને નહીં હોય એમ શિષ્ય કહે છે.)

જીવ કર્મ કર્તા કહો, પણ ભોકતા નહિ સોય,
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય ? ૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોકતાપણું સધાય,
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય; ૮૦

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત નિયમ નહિ હોય,
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય; ૮૧

-*-*-

## ૪. સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ

(જીવને પોતાનાં કરેલાં કર્મનું ભોકતાપણું છે, એમ
સદ્‌ગુરુ સમાધાન કરે છે.)

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ,
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ; ૮૨

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય,
એમ શુભાશુભ કર્મનું, ભોકતાપણું જણાય; ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ,
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ્ય; ૮૪

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર,
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર; ૮૫

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ,
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ; ૮૬

-*-*-

## ૫. શંકા-શિષ્ય ઉવાચ

(જીવનો તે કર્મથી મોક્ષ નથી, એમ શિષ્ય કહે છે.)

કર્તા ભોકતા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ,
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ; ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય,
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન કયાંય; ૮૮

-*-*-

## ૫. સમાધાન-સદ્ગુરુ ઉવાચ

(તે કર્મથી જીવનો મોક્ષ થઇ શકે છે, એમ સદ્ગુરુ
સમાધાન કરે છે.)

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ,
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ; ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ,
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ; ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ,
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ; ૯૧

-*-*-

## ૬. શંકા-શિષ્ય ઉવાચ

(મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છે.)

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય,
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય ? ૯૨

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક,
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક; ૯૩

કઇ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ,
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ; ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય,
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય ? ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ,
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય; ૯૬

-*-*-

## ૬. સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ

(મોક્ષનો ઉપાય છે, એમ સદ્‌ગુરુ કહે છે.)

પાંચે ઉત્તરથી થઇ, આત્મા વિષે પ્રતીત,
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત; ૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ,
અંધકારઅજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ; ૯૮

જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ,
તે કારણછેદક દશા, મોક્ષપંથ ભવ અંત; ૯૯

રાગ, દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ; ૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત,
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત; ૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ; ૧૦૨

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ; ૧૦૩

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ? ૧૦૪

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ,
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ; ૧૦૫

ષટ્‌પદનાં ષટ્‌પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર,
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર; ૧૦૬

જાતિ, વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય,
સાધે તે મુકિત લહે, એમાં ભેદ ન કોય; ૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ,
ભવે ખેદ અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ; ૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ,
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ; ૧૦૯

મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ,
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ; ૧૧૦

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત; ૧૧૧

વર્ધમાન સમકિત થઇ, ટાળે મિથ્યાભાસ,
ઉદય થાય ચારિત્ર્યનો, વીતરાગપદ વાસ; ૧૧૨

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન,
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ; ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય,
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય; ૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,
નહિ ભોકતા તું તેહનો, એ જ ધર્મનો મર્મ; ૧૧૫

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ,
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ; ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ; ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય,
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય; ૧૧૮

-*-*-

## શિષ્ય : બોધબીજ પ્રાપ્તિ કથન

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન,
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન; ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ,
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ; ૧૨૦

કર્તા ભોકતા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય,
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય; ૧૨૧

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ,
કર્તા ભોકતા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ; ૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ; ૧૨૩

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર; ૧૨૪

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન; ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન; ૧૨૬

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ,
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ; ૧૨૭

-*-*-

## ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનકમાંહી,
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઇ; ૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ,
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઓષધ વિચાર ધ્યાન; ૧૨૯

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ,
ભવસ્થિતિ આદિ નામ લઇ, છેદો નહિ આત્માર્થ; ૧૩૦

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય,
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય; ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ; ૧૩૨

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્વ્યવહાર,
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર; ૧૩૩

આગળ જ્ઞાની થઇ ગયા, વર્તમાનમાં હોય,
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય; ૧૩૪

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય,
સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય; ૧૩૫

ઉપાદાનનું નામ લઇ, એ જે તજે નિમિત્ત,
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત; ૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટયો ન મોહ,
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ; ૧૩૭

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય,
હોય મુમુક્ષુઘટ વિષે, એહ સદાય સુજાગ્ય; ૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત,
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત; ૧૩૯

સકળ જગત તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન,
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન; ૧૪૦

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ,
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ; ૧૪૧

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨

-*-*-

શ્રી સુભાગ્ય ને શ્રી અચળ, આદિ મુમુક્ષુકાજ,
તથા ભવ્યહિત કારણે, કહ્યો બોધ સુખસાજ;

સાધન સિદ્ધદશા અહીં, કહી સર્વ સંક્ષેપ,
ષટ્દર્શન સંક્ષેપમાં, ભાખ્યાં નિર્વિક્ષેપ;

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ,
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ;

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

-*-*-*-

## ૧૮. પ્રભાતિયું (મોહની નીંદમાં)

મોહની નીંદમાં સૂઈ મત રહો સદા,
વ્યતિત બહુ કાળ એમ વ્યર્થ કીધો;
નિજરૂપ નીરખવા નેત્ર ખોલ્યું નહિ,
સુપનના સુખતણો લ્હાવો લીધો - મોહની ...૧

વસ્તુસ્થિતિસમજનું વ્હાણું વાયું ભલું,
શુદ્ધ સમકિતનો ભાનુ ભાસે;
નિજ પર રૂપનો ભેદ પ્રગટે જહાઁ,
મોહ મિથ્યાત્વઅંધકાર નાસે - મોહની ... ૨

પ્રેમથી પરખીએ, નીરખીએ નાથને,
અવર અધ્યાસને અલગ કીજે;
ગ્રહણ કર જ્ઞાન ગુરુબોધના બીજનું,
પરમ રસપાનથી કાજ સીજે - મોહની ... ૩

તું નહીં પુદ્ગલી, દેહ પુદ્ગલ સદા,
પ્રગટ જડ દ્રવ્ય નહિ રૂપ તારું;
પુદ્ગલી પપંચમાં પોતે ભૂલી ગયો,
અન્યથા રૂપ કાં માન્ય મારું - મોહની ... ૪

સર્વ વ્યાપકપણે સાક્ષી તું સર્વદા,
જ્ઞાન ગુણ લક્ષણે ભિન્ન ભાસે;
શુદ્ધ ઉપયોગી તું ચિન્હ ચૈતન્યઘન,
અચલ અવિનાશી ગુણ કેમ નાસે. - મોહની ... ૫

થાય પ્રતિભાસ એ જ્ઞેયનો જ્ઞાનમાં,
પણ નહિ જ્ઞાન તુજ જ્ઞેય ભાવે;
જેમ જલપાત્ર રવિ દેખિયે નિરમળો,
ભાસ દરપણ વિષે તેમ થાવે - મોહની ... ૬

સર્વને જાણ તે જાણરૂપ તાહરું,
અન્યમાં જાણગુણ જ્ઞાન નાવે;
એમ ભિન્ન ભિન્ન ગુણ લક્ષણે અનુભવી,
અલખ રૂપ આપનું લક્ષ લાવે - મોહની ... ૭

લક્ષ રહે જ્યાં સુધી નિત્ય નિરમળપણે,
કરમનો ડાઘ કહો કેમ લાગે;
કોઈ સંત વીરલા સમજશે સાનમાં,
સહજ સ્થિર સ્થિતિનું ભાગ્ય જાગે - મોહની ... ૮

પૂ. શ્રી કાલિદાસભાઈ

*-*-*

## ૧૯. પરમ કૃપાળુદેવરચિત પદો

(૧) સર્વમાન્ય ધર્મ

ચોપાઈ સંવત ૧૯૪૦

ધર્મતત્ત્વ જો પૂછ્યું મને, તો સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર. ૧

ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન;
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને દળવા દોષ. ૨

સત્ય શીળ ને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ;
દયા નહી તો એ નહિ એક, વિના સૂર્ય કિરણ નહિ દેખ. ૩

પુષ્પપાખંડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય;
સર્વ જીવનું ઈચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય. ૪

સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે નહીં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ ! ૫

એ ભવતારક સુંદર રાગ, ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વણ ધર્મ સદા પ્રતિકૂળ. ૬

તત્ત્વરૂપથી એ ઓળખે, તે જન પહોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, રાજચંદ્ર કરુણાએ સિદ્ધ. ૭

*-*-*

## (૨) ભક્તિનો ઉપદેશ

(તોટક છંદ) સંવત ૧૯૪૦

શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્તાં ફળપંકિત કહી;
જિનભક્તિ ગ્રહો તરુ કલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો. ૧

નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે, મનતાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણદામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો. ૨

સમભાવી સદા પરિણામ થશે, જડ મંદ અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગવંત ભવંત લહો. ૩

શુભ ભાવ વડે મન શુદ્ધ કરો, નવકાર મહાપદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો. ૪

કરશો ક્ષય કેવળ રાગ કથા, ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો. ૫

*-*-*

## (૩) બ્રહ્મચર્ય વિશે સુભાષિત

(દોહરા) સંવત ૧૯૪૦

નીરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન. ૧

આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ. ૨

એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર. ૩

વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન. ૪

જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ. ૫

સુંદર શિયળ સુરતરુ, મન વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ. ૬

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન. ૭

*-*-*

## (૪) અમૂલ્ય તત્ત્વવિચાર

(હરિગીત છંદ) સંવત ૧૯૪૦

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;

સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!! ૨

નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્‌દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

*-*-*

## (૫) જગતમાં ભિન્ન ભિન્ન મત અને દર્શન જોવામાં આવે છે તે દૃષ્ટિભેદ છે.

સંવત ૧૯૪૫

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ.
તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિધ્ધિ થવા, ધર્મ તે જ અનુકૂળ.
પ્રથમ આત્મસિધ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર;

અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર.
ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ;
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય.
બાહ્ય તેમ અભ્યંતરે, ગ્રંથ ગ્રંથિ નહિ હોય;
પરમ પુરુષ તેને કહો, સરળ દૃષ્ટિથી જોય.
બાહ્ય પરિગ્રહ ગ્રંથિ છે, અભ્યંતર મિથ્યાત્વ;
સ્વભાવથી પ્રતિકૂળતા ......................

*-*-*

## (૬) સુખકી સહેલી

સંવત ૧૯૪૫

"સુખકી સહેલી હે, અકેલી ઉદાસીનતા."
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.
લઘુ વયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ?
જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય ?
જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત;
તેમ તેમ ભવશંકના અપાત્ર અંતર જ્યોત.
કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;
પણ 'અસ્તિ' તે સૂચવે, એ જ ખરો નિર્ધાર.
આ ભવ વણ ભવ છે નહીં. એ જ તર્ક અનુકૂળ;
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ.

*-*-*

## (૭) મારગ સાચા

હાથનોંધ _ ૧

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો ગયા, ભિન્ન કિયા નિજ દેહ.
સમજ, પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ;
યે મુશકીલી ક્યાં કહું ? ..........................
ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય;
યેહિ બ્રહ્માંડિ વાસના, જબ જાવે તબ .........
આપ આપકું ભૂલ ગયા, ઈનસેં ક્યાં અંધેર ?
સમર સમર અબ હસત હૈં, નહિ ભૂલેંગે ફેર.
જહાં કલપના-જલપના, તબ વસ્તૂ તિન પાઈ.
હે જીવ ! ક્યા ઈચ્છત હવે ? હૈ ઈચ્છા દુઃખમૂલ;
જબ ઈચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.
ઐસી કહાઁસે મતિ ભઈ, આપ આપ હૈ નાહિ;
આપનકું જબ ભૂલ ગયે, અવર કહાઁસે લાઈ.
આપ આપ એ શોધસે, આપ આપ મિલ જાય;
આપ મિલન નય બાપકો; .....................

*-*-*

## (૮)

મુંબઈ ૧૯૪૬

આજ મને ઉછરંગ અનુપમ, જન્મકૃતાર્થ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ વિવેક વિવેચક, તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.

*-*-*

## (૯)

મોરબી ૧૯૪૬

બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;
અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.
પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુયોગ;
વચનસુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.

*-*-*

## (૧૦)

હાથનોંધ _ ૧

હોત આસવા પરિસવા, નહિ ઈનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહિ.
રચના જિન ઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ;
ઈનમેં સબ મત રહત હૈ, કરતે નિજ સંભાલ.
જિન સો હી હે આતમા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિનવચન, તત્ત્વજ્ઞાનીકો મર્મ.
જબ જાન્યો નિજરૂપકો, તબ જાન્યો સબ લોક;
નહિ જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક.
એહિ દિશાકી મૂઢતા, હૈ નહિ જિનપેં ભાવ;
જિનસેં ભાવ બિનુ કબૂ, નહિ છૂટત દુઃખદાવ.
વ્યવહારસેં દેવ જિન, નિહચેસેં હૈ આપ;
એહિ બચનસે સમજ લે, જિનપ્રવચનકી છાપ.
એહિ નહીં હૈ કલ્પના, એહી નહીં વિભંગ;
જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ

*-*-*

## (૧૧)

(દોહરા)

રાળજ, ૧૯૪૭

જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ ? ૨
જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩
બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ નહિ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪
વર્તે બંધ પ્રસંગના, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહીં આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫
ગ્રહે અરૂપી રૂપીને, તે અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત ? ૬
પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭
જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮
મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯
હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦
પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

*-*-*

## (૧૨)હરિગીત
## જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્ય સાંભળો.

રાળજ, ૧૯૪૭

જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં;
તો સર્વ એ અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્ય સાંભળો. ૧

નહિ ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી;
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્ય સાંભળો. ૨

આ જીવ ને  આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં;
પચ્ચખાણ કીધાં ત્યાંસુધી મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્ય સાંભળો. ૩

કેવળ નહીં બ્રહ્મચર્યથી ............................
કેવળ નહીં સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્ય સાંભળો. ૪

શાસ્ત્રો વિશેષ સહિત પણ, જો જાણિયું નિજરૂપને;
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્ય સાંભળો. ૫

આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી;
તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી;

નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્ય સાંભળો. ૬

ચાર વેદ પુરાણ આદિ, શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં;
શ્રી નંદીસુત્રે ભાખિયા છે, ભેદ જ્યાં સિદ્ધાંતના;
પણ જ્ઞાનને તે જ્ઞાન ભાસ્યાં, એ જ ઠેકાણે ઠરો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્ય સાંભળો. ૭

વ્રત નહીં પચ્ચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો;
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણંગ જોઈ લો;
છેદ્યો અનંતા ........................................

*-*-*

## (૧૩) મૂળમાર્ગ રહસ્ય

આણંદ, ૧૯૫૨

મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ; -મૂ૦
નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુઃખ. -મૂ૦ ૧

કરી જોજો વચનની તુલના રે, જોજો શોધીને જિનસિદ્ધાંત; -મૂ૦
માત્ર કહેવું પરમારથહેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત.-મૂ૦ ૨

જ્ઞાન, દર્શન ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ; -મૂ૦
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ. -મૂ૦ ૩

લિંગ અને ભેદો જે વ્રતના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ; -મૂ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ. -મૂ૦ ૪

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે, સંક્ષેપે સુણો પરમાર્થ; -મૂ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ. -મૂ૦ ૫

છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ; -મૂ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. -મૂ૦ ૬

જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત; -મૂ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત. -મૂ૦ ૭

જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; -મૂ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ. -મૂ૦ ૮

તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ; -મૂ૦
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. -મૂ૦ ૯

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા તે, અને જવા અનાદિ બંધ; -મૂ૦
ઉપદેશ સદ્ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. -મૂ૦ ૧૦

એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ; -મૂ૦
ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ. -મૂ૦ ૧૧

*-*-*

## (૧૪) પરમપદપંથ

(ગીતિ)

વવાણિયા, ૧૯૫૩

પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે;
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે.
મૂળ પરમપદ કારણ, સમ્યકાદર્શન જ્ઞાન ચરણ પૂર્ણ;
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણ.
જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીંદ્ર સર્વજ્ઞે;
તેવી અંતર આસ્થા, પ્રગટ્યે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે.
સમ્યક્ પ્રમાણપૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે;
સમ્યક્જ્ઞાન કહ્યું તે, સંશય વિભ્રમ મોહ ત્યાં નાશ્યે.

વિષયારંભ-નિવૃત્તિ, રાગ-દ્વેષનો અભાવ જ્યાં થાય;
સહિત સમ્યક્દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય.
ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;
પૂર્ણ પરમપદપ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય.
જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આસ્રવ તથા બંધ;
સંવર, નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ.
જીવ અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય;
વસ્તુવિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન મુનિરાય.

*-*-*

## (૧૫) પરમપદપ્રાપ્તિની ભાવના

(અપૂર્વ અવસર)

વવાણિયા, ૧૯૫૩

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? અપૂર્વ૦ ૧

*સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,*
*માત્ર દેહ તે સંયમદહેતુ હોય જો;*
*અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,*
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦ ૨

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦ ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહી તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦ ૪

સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦ ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦ ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦ ૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહી છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦ ૮

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦ ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ૦ ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦ ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
શરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્‌ગલ એક સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦ ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશે જો. અપૂર્વ૦ ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ૦ ૧૬

મન વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦ ૧૭

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦ ૧૮

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦ ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦ ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦ ૨૧

*-*-*

## (૧૬) સ્વાત્મવૃત્તાંત

હાથનોંધ _ ૧

ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઊલસી, મટયો ઉદયકર્મનો ગર્વ રે. ધન્ય૦ ૧

ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેં ને બેંતાળીસે, અદ્ભુત વૈરાગ્ય ધાર રે. ધન્ય૦ ૨

ઓગણીસસેં ને સુડતાળીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે. ધન્ય૦ ૩

ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે એક રંચ રે. ધન્ય૦ ૪

વધતું એમ જ ચાલિયું, હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે, એમ ભાસે મનમાંહી રે. ધન્ય૦ ૫

યથા હેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે. ધન્ય૦ ૬

આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે. ધન્ય૦ ૭

અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય૦ ૮

*-*-*

## (૧૭) શ્રી જિન પરમાત્મને નમઃ

રાજકોટ, ૧૯૫૭

(અ)

ઈચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩

જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ. ૪

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુ વડે, જિન દર્શન અનુયોગ. ૬

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮

મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯

રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦

નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહિ ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

(બ)

આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ. ૧

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર. ૨

(ક)

સુખ ધામ અનંત સુસંત ચહી, દિન રાત્રે રહે તદ્દ્ધ્યાનમહી;
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.

*-*-*

## (૧૮) શ્રી સદ્‌ગુરુકૃપામાહાત્મ્ય

(દોહરા) મુંબઈ, ૧૯૪૭

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧
બુઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨
એહી નહિ હૈ કલ્પના, એહી નહીં વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩
નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪
જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬

*-*-*

## (૧૯)

### હાથનોંધ - ૨

હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્દર્શન ! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો.

આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત દુઃખને અનુભવે છે.

તારા પરમાનુગ્રહથી સ્વસ્વરૂપમાં રુચિ થઈ. પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે પરમ નિશ્ચય આવ્યો. કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો.

હે જિન વીતરાગ ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

હે શ્રી સોભાગ ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર હો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

*-*-*